હે હે... હું તો ભર્યો રહું મારા શ્યામથી,
ખાલી નથી રહેવું મારે સુખ તારું લેવું, મને લગની લાગી રે તારા નામની...(૨)
હે હે... શાતા મળે રે તારા ધામની,
બળ તારે દેવું બીજું કાંઈ નથી કે'વું, હું તો છાયા રે બનું રે મારા શ્યામની... (૨)

રસિયાએ રસવાળી રે, મૂર્તિ દીધી મોહકડી,
ભૂલી ન ભુલાયે રે, પ્રીતમની પ્રીતલડી;
પ્રીતથી જતી પ્રીત જગતની, વાટ ન જુએ પ્રભુ સ્વાગતની...
હે... જી પ્રેમ કરે વળી રહેમ કરે, ને રહે અખંડ અંગમાંહી...
વળી ધાર્યું એનું એ કરે... ને ધામ બનાવે જગમાંહી;
હે હે... નોખો ન રહું મારા શ્યામથી,
મસ્તીમાં મ્હાલું હું તો ધમ ધમ હાલું, મને રક્ષા રે મળી રે સદા શ્યામની...(૨)
હે હે... હું તો.

પ્રજ્ઞાપતિએ ચતુરાઈએ બુદ્ધિને દીધી નાથી,
અક્ષરપતિ બન્યા રે, જન્મોજનમના સાથી;
સમજણના બધા ભાર મટાડી, શંકાકુશંકાના હાથી ઝુલાવી...
હે જે કરે તે સારું જ કરે, એ કરે મારો વનમાળી...
ને જે કરે તે સાચું જ કરે... હે... હોય સદા સુખદાયી;
હે હે... વ્હાલો એક રહ્યો મારા જ્ઞાનમહીં,
હૈયું નથી સૂનું હું તો માહાત્મ્યમાં ઘૂમું, મને દર્શન એનું થાય એના મુક્તમહીં...(૨)
હે હે... હું તો.

મારા વિશ્વાસમાં આવી રે, સ્વામીએ કર્યો વ્હાલો,
મ્હેર કરી મહારાજે રે, રાખ્યો નહીં મને ઠાલો,
બે હાથ જોડી, કહે તે કરાવી, માહાત્મ્યેયુક્ત સેવા કરાવી,
હે સેવા કરું ભક્તિ કરું, ને માનું મોટા સહુ...
પણ માલિકની મરજી ના મૂકું... હે અખંડ મૂર્તિમાં રહું,
હે હે... માળા જપું રે તારા નામની,
ધોળી કરી જાત મારી, મૂર્તિ ધારી તારી, મોજડી સિવાડું મારા ચામની...(૨)
હે હે... હું તો.